# ગાંધીનગરની પારૂલ પરમાર ઓલિમ્પિકમાં પેરા બેડમિન્ટન રમનારી દેશની પહેલી મહિલા ખેલાડી બનશે

**ઓલિમ્પિકમાં પહેલીવાર પેરા બેડમિન્ટનનો સમાવેશ : પારૂલ પરમારનો કેન્દ્ર સરકારની ઓલિમ્પિક ખેલાડીઓ માટેની ટોપ્સ સ્કીમમાં સમાવેશ : સિંગલ્સ, ડબલ્સ અને મિક્સ ડબલસમાં રમશે**




ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગરની પેરા બેડમિન્ટનની મહિલા દિવ્યાંગ ખેલાડી અર્જુન એવોર્ડી પારૂલ પરમાર હવે વર્ષ ૨૦૨૧માં જાપાનના ટોકિયો ખાતે યોજનારી આગામી ઓલિમ્પિકમાં સિંગલ્સમાં રમી શકશે અને તે સાથે તેઓ ભારતની પહેલી મહિલા ખેલાડી બનશે જે ઓલિમ્પિકની પેરા બેડમિન્ટનમાં રમશે. આ સાથે તેઓ ડબલ્સ અને મિક્સ ડબલ્સમાં કેટેગરીમાં પણ પહેલીવાર ઓલિમ્પિક રમશે.

પારૂલ પરમારના જણાવ્યા મુજબ ભારત સરકરકારના ખેલ મંત્રાલય દ્વારા ચાર રમતોના આઠ પેરા ખેલાડીઓને ટાર્ગેટ ઓલિમ્પિક પોડિયમ સ્કીમ – ટોપસમાં સામેલ કરવામાં આવ્યા છે. પેરા બેડમિન્ટન ખેલાડી તેમની સાથે પંજાબની પલક કોહલી ઉપરાંત ડિસ્ક થ્રોઅર વિનોદકુમાર, પેરા નિશાનેબાજ રૂબીના ફ્રાંસિસ, પેરા ટેબલ ટેનિસ ખેલાડી ભાવિના પટેલ, ટી-૬૪ હાઈ જંપમાં પ્રવીણ કુમાર વગેરેને ટોપ્સ સ્કીમમાં સામેલ કરવામાં આવ્યા છે. જેના પગલે તેઓને હવે ઓલિમ્પિકની તૈયારીઓ માટે કેન્દ્ર સરકાર દ્વારા સંપૂર્ણ કોચિંગ પૂરું પાડવામાં આવશે જે અંતર્ગત નજીકના દિવસોમાં લખનૌ ખાતે યોજનારા ૧૫ દિવસના કોચિંગ કેમ્પમાં તેઓ સામેલ થશે જ્યાં તેમને ગૌરવ ખન્ના દ્વારા કોચિંગ આપવામાં આવશે. તેમના જણાવ્યા મુજબ પહેલીવાર ઓલિમ્પિકમાં પેરા બેડમિન્ટનને એન્ટ્રી મળી છે અને તેમાં ભારત તરફથી પહેલીવાર ઓલિમ્પિકમાં પેરા બેડમિન્ટન રમનાર મહિલા ખેલાડી તેઓ બનશે. આ સાથે પહેલીવાર મહિલા ડબલ્સમાં તેઓ અને પલક કોહલીની જોડી રમશે જ્યારે મિક્સ ડબલ્સમાં તેઓ પંજાબના રાજ કુમાર સાથે જોડી બનાવીને રમશે.

પારૂલ પરમારના જણાવ્યા મુજબ ઓલિમ્પિકમાં રમવા માટે વિશ્વમાં રેંકિંગ ખૂબ અગત્યનું છે અને તેઓ પેરા બેડમિન્ટનની એસએલ-૩ કેટેગરીમાંથી સિંગલ્સ રમે છે જેમાં તેમનો રેંકિંગ છેલ્લા ૧૫ જેટલા વર્ષોથી નંબર-૧ છે પરંતુ ઓલિમ્પિકમાં તેનાથી એસએલ-૩ કેટેગરીનો સમાવેશ થતો નથી તેથી તેઓ તેનાથી ઊંચી કેટેગરી એસએલ-૪માં રમશે જેમાં તેઓનો સામનો તેમનાથી થોડી ઓછી દિવ્યાંગતા ધરાવતા ખેલાડી સાથે થશે. વળી ડબલ્સમાં તેઓ પાંચમો અને મિક્સ ડબલ્સમાં છઠ્ઠો રેંક ધરાવે છે. ભારત સરકાર દ્વારા જે ખેલાડીઓ એક થી છ નંબરનું રેંકિંગ ધરાવતા હોય તેમનો જ ટોપ્સ સ્કીમમાં સમાવેશ કરવામાં આવે છે જેનો સમગ્ર કોચિંગ અને ઓલિમ્પિક રમવા જવા-આવવા સહિતનો ખર્ચ ભારત સરકાર ઉઠાવે છે. અત્યાર સુધી તેઓ આંતરરાષ્ટ્રીય સ્પર્ધાઓમાં પોતાના ખર્ચે રમવા જતાં હતા પરંતુ ટોપ્સ સ્કીમમાં તેમનો સમાવેશ થવાથી આ લાભ હવે તેમને પ્રાપ્ત થશે અને આ સાથે તેમનું ઓલિમ્પિક રમવાનું સપનું પૂરું થશે.

# શહેરની હોસ્પિટલોમાં કોરોના સામે જંગ લડતા ૪૪ દર્દીઓ વેન્ટિલેટરના સહારે

**ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં જ ૩૧ દર્દીઓ વેન્ટીલેટર પર સારવાર લઇ રહ્યા છે : જયારે સિવિલ સહીત અન્ય ચાર ખાનગી હોસ્પિટલમાં પણ ૧૧૧ દર્દીઓને ઓક્સિજન સર્પોટ**

ગાંધીનગર તા ૨૮

સમગ્ર રાજયમાં કોરોનાના દર્દીઓની સંખ્યામાં વધારો થયો છે. દિવાળી બાદ અચાનક જ સંક્રમણ વધતા રોજબરોજ નવા નોંધાતા દર્દીઓનુ પ્રમાણ વધ્યુ છે. ગાંધીનગરમાં પણ કોરોનાનુ સંક્રમણ વધતા નાગરિકોએ વધુ સાવધ રહેવાની અનિવાર્યતા છે. નગરની સિવિલ હોસ્પિટલમાં હાલ ૩૧ દર્દીઓ વેન્ટીલેટર પર સારવાર લઈ રહ્યા છે. જયારે સિવિલ હોસ્પિટલ ઉપરાંત શહેરની અન્ય ચાર ખાનગી હોસ્પિટલમાં સારવાર લેતા દર્દીઓ સહીત કુલ ૪૪ દર્દીઓ વેન્ટીલેટર સાથે કોરોના સામે જંગ લડી રહ્યા છે. આ ઉપરાંત સિવિલ હોસ્પિટલ સહીત અન્ય ચાર ખાનગી હોસ્પિટલમાં પણ ૧૧૧ દર્દીઓ ઓક્સિજનના સર્પોટથી સારવાર હેઠળ છે.

સમગ્ર રાજયમાં કોરોનાનાએ કહેર મચાવ્યો છે. દિવાળી બાદ કોરોનાના કેસમાં રોજબરોજ સતત વધારો થઈ રહ્યો છે. જેના લીધે સોશિયલ ડિસ્ટન્સીંગ અને માસ્ક પહેરવા સહીતની બાબતોનો કડક અમલ થાય તે માટે પણ સરકાર સતત આમ નાગરિકોને જાગૃત કરી રહી છે. કોરોનાના દર્દીઓમાં રીકવરી રેશિયામાં અગાઉ સુધાર જોવા મળ્યો હતો પરંતુ છેલ્લા કેટલાક સમયથી દર્દીઓની સંખ્યા વધતા હાલ રીકવરી રેશિયો પણ નીચે આવ્યો છે. બીજીતરફ મૃત્યુઆંક પણ ઉંચકાયો છે. આજે પણ ગુજરાતમાં કોરોનાના નવા ૧૫૨૩ દર્દીઓ નોંધાયા છે.

જયારે ગાંધીનગર જિલ્લામાં પણ આજે નવા ૬૭ કેસ નોંધાયા છે. શહેરમાં વધતા કોરોનાના સંક્રમણને અટકાવવા માટે સરકારની ગાઈડ લાઈનનુ ચુસ્ત પાલન કરવુ અનિવાર્ય બન્યુ છે. શહેરની સિવિલ હોસ્પિટલ તેમજ ખાનગી દવાખાનામાં હાલ કોરોનાના દર્દીઓ સારવાર લઈ રહ્યા છે. જેમાં નગરની સિવિલ હોસ્પિટલમાં કુલ ૨૩૫ દર્દીઓ સારવાર હેઠળ છે. આ પૈકી ૯૨ દર્દીઓને ઓક્સિજનની જરૂર

**નગરની હોસ્પિટલમાં સારવાર લેતા કોરોનાના દર્દીઓની વિગત**

| હોસ્પિટલ-> | સિવિલ | આશ્કા | ગોયન્કા | એસ એમ પી એસ | સરમાઉન્ટ હો. | કુલ |
|---|---|---|---|---|---|---|
| દાખલ દર્દી | ૨૬૦ | ૮૪ | ૩૨ | ૨૮ | ૪ | ૪૦૮ |
| ઓક્સિજન સર્પોટ | ૧૪૦ | ૧૮ | - | ૧ | - | ૧૫૮ |
| વેન્ટીલેટર | ૩૧ | ૧૨ | - | ૧ | - | ૪૪ |

● અનુસંધાન પાન-૭ પર

# શહેર-જિલ્લામાં નવા ૬૧ કેસ : ડિસ્ચાર્જ પણ ૬૧ દર્દી

**સે. ૨ માં ૬ કેસ નોંધાયા : સે. ૩, ૨૦, ૭ માં ૩-૩- કેસ તો સે. ૪, ૨૩, ૧ માં ૨-૨ કેસ નોંધાયા**

**ગાંધીનગર તાલુકામાં ૨૦ કેસ, દહેગામમાં ૬, માણસામાં ૩, કલોલમાં ૫ કેસ નોંધાયા**

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર જિલ્લામાં કોરોનાના આજે વધુ ૬૧ દર્દીઓ નોંધાયા છે. જો કે રાજ્ય સરકારે તેની યાદીમાં જિલ્લામાં ૬૭ કેસ નોંધાયા છે તેમ જણાવ્યુ છે. આ ઉપરાંત ગ્રામ્ય વિસ્તારમાં ૧ દર્દીનું સારવાર દરમ્યાન મોત થયાનું પણ જણાયુ છે.

જિલ્લામાં આજે ૬૧ નોંધાયા છે જેમાં ગ્રામ્ય વિસ્તારમાં ૩૪ અને ગાંધીનગર શહેરમાં ૨૭ કેસ નોંધાયા છે. આજે નોંધાયેલા કેસોમાં ૨૫ મહિલા દર્દીઓ નોંધાયા છે.

જિલ્લામાં કોરોનાનું સંક્રમણ વધતાં હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ પણ વધુને વધુ લોકો પસંદ કરી રહ્યા છે જેને પગલે તંત્રની કામગીરીનું ભારણ વધવા પામેલ છે. જિલ્લામાં ૪૫૦ થી પણ વધુ કન્ટેનમેન્ટ ઝોન આવેલા છે.

જિલ્લામાં મોટીવયના દર્દીઓ પણ જે રીતે સંક્રમિત થઈને મળી રહ્યા છે તેણે તંત્રની ચિંતામાં વધારો કર્યો છે. જિલ્લામાં રિકવરી રેટ સારો હોવાનો દાવો કરતાં તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે કે જિલ્લામાં આજે ૬૧ દર્દી રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ અપાયુ છે જેમાં ગ્રામ્ય વિસ્તારમાં ૪૩ અને ગાંધીનગર શહેરમાં ૧૮ દર્દીને ડિસ્ચાર્જ અપાયુ છે.

ગાંધીનગર તાલુકામાં ૨૦ કેસ, દહેગામમાં ૬, માણસામાં ૩ અને કલોલમાં ૫ કેસ નોંધાયા છે.

ગાંધીનગર તાલુકાના સરઢવ ગામે બે કેસ, વાવોલમાં પાંચ કેસ, કુડાસણમાં પાંચ કેસ, સરગાસણમાં ૩ કેસ મળી આવ્યા છે. આ ઉપરાંત જલુંદ, ચંદ્રાલા, રાજપુર, કોલવડા, કોબામાંથી પણ કેસો મળ્યા છે.

દહેગામ તાલુકાના અર્બન વિસ્તારમાંથી ૩ અને ગ્રામ્ય વિસ્તારમાંથી ૩ કેસ મળી કુલ ૬ કેસ નોંધાયા છે. માણસાના ગ્રામીણ વિસ્તારમાંથી ૩ કેસ મળી આવ્યા છે. જેમાં બિલોદરા, ઈટાદરા અને લોદરા ગામના કેસોનો સમાવેશ થાય છે.

કલોલમાંથી આજે પાંચ કેસ મળી આવ્યા છે. જેમાં સઈજ ગામેથી એક કેસ અને અર્બન-૨ વિસ્તારમાંથી ૪ કેસ મળી આવ્યા છે.

જિલ્લામાં આજે ૪૩ દર્દીઓ રિકવર થતાં ગ્રામ્ય વિસ્તારમાં અત્યાર સુધીમાં ૨૮૨૨ દર્દીઓ કોરોનામુક્ત થયા છે.

જિલ્લામાં હાલ ૨૧૫ એક્ટીવ કેસ સારવાર હેઠળ છે. જ્યારે ગ્રામ્ય વિસ્તારમાં ૧૫,૧૬૪ લોકોને ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવેલ છે.

ગાંધીનગર શહેરમાં આજે ૨૭ કેસ નોંધાયા છે. ઘણા દિવસ પછી ઓછા કેસ મળતાં તંત્રએ આજે હાશકારો અનુભવ્યો છે. જો કે શહેરમાં આજે પણ જે કેસો નોંધાયા છે તે લગભગ તમામ ખૂણાઓમાંથી મળ્યા છે.

શહેરમાં આજે સૌથી વધુ કેસ સે. ૨ માં નોંધાયા છે. સે. ૨ માં ૬ કેસ, સે. ૩ માં ૩, સે. ૨૦ માં ૩, સે. ૭ માં ૩, સે. ૪ માં ૨, સે. ૧ માં ૨, સે. ૨૩ માં ૨ કેસ નોંધાયા છે. આ ઉપરાંત સે. ૫, ૨૬, ૨૮, જીઈબી, સેક્ટર-૨૨ માંથી કેસ મળી આવ્યા છે.

આજે નોંધાયેલા કેસોમાં સૌથી વધુ ૧૬ મહિલાઓનો સમાવેશ થાય છે. શહેરમાં આજે નોંધાયેલા કેસોમાંથી ૩ દર્દીને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે જ્યારે બાકીના દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

શહેરમાં મોટી વયના દર્દીઓ જે રીતે સંક્રમિત થઈ રહ્યા છે તેને લઈ તંત્રની ચિંતા વધી છે. આજે સંક્રમિતોની યાદીમાં ૧૧ દર્દીઓ મોટી વયના જણાયા છે.

શહેરમાં આજે ૨૧૦ થી વધુ લોકો હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ છે, જ્યારે શહેરમાં ૨૭૬ જેટલા દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. શહેરમાં ૨૫૦ થી વધુ કન્ટેનમેન્ટ ઝોન આવેલા છે. શહેરમાં ૧૫ હજારથી વધુ લોકો ક્વોરોન્ટાઈન હેઠળ છે.

# જિલ્લામાં રવિ સીઝનનું વાવણી કાર્ય ૯૦ ટકા સંપન્ન

**ઘઉં, ચણા, તમાકુ, બટાટાની સારી એવી વાવણી થઈ, શાકભાજીના પાકોનું ૫૧૦૦થી વધુ હેક્ટરમાં વાવણી થઈ**

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર જિલ્લામાં રવિ સીઝનનું વાવેતર ૯૦ ટકા સુધી પહોંચી ગયુ છે. જિલ્લામાં આ વખતે રવિ સીઝનમાં ચણા અને તમાકુના વાવેતર વિસ્તારમાં વૃદ્ધિ જોવા મળી રહી છે. ધાણાની ખેતી પણ આ વખતે થયેલી જોવા મળે છે.

જિલ્લામાં આ વખતે ૪૦૮૫૮ હેક્ટર વિસ્તારમાં આ સપ્તાહ સુધીમાં વાવણી સંપન્ન થઈ જવા પામી છે. જિલ્લામાં રવિ સીઝનની થતી વાવણીના વિસ્તારના ૯૦ ટકા જેટલી થવા જાય છે.

જિલ્લામાં આ વખતે ઘઉંનું વાવેતર અત્યાર સુધીમાં ૧૦,૧૭૯ હેક્ટરમાં થયુ છે. જેમાં ગાંધીનગરમાં ૩૫૧૬ હેક્ટરમાં, દહેગામમાં ૩૫૮૭ હેક્ટરમાં, કલોલમાં ૧૨૪૮ હેક્ટરમાં અને માણસામાં ૧૮૨૮ હેક્ટરમાં

● અનુસંધાન પાન-૭ પર

# ગુડાના એલ.આઈ.જી. આવાસ ભાડે આપવાના મામલે મકાન માલિકોને નોટીસ

**ભાડુઆતોનો તાગ મેળવવા માટે અગાઉ ગુડાએ સર્વે હાથ ધર્યો હતો**

ગાંધીનગર તા ૨૮

ગુડા નિર્મિત શુભ લાભ આવાસ યોજના મકાનો ભાડેથી ફાળવવા માટે મકાન માલિકાને નોટીસ આપવામાં આવી છે. જયારે આ નોટીસ અન્વયે ચોક્કસ દિવસોમાં આવાસો ભાડુઆતો પાસે ખાલી નહીં કરાવાય તો ગુડા કક્ષાએથી મકાન સીલ કરવા સુધીની કાર્યવાહી કરવામાં આવશે. બીજીતરફ ગુડા દ્વારા હજુ પણ નવા આવાસો બાંધવા માટે આયોજન કરવામાં આવી રહ્યુ છે. ગુડા હજુ એલ આઈ જી ના નવા આવાસો બાંધવા માટે ટુંકમાં કામ શરૂ કરશે. શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા પ્રથમ તબક્કામાં રાયસણ , ચિલોડા અને અડાલજ વિસ્તારમાં એલ આઈ જી આવાસો બાંધવામાં આવ્યા હતા જયારે આ આવાસો જાળવણીના અભાવે થોડા સમયમાં જ ખંડેર બન્યા છે. ત્યારે સ્થાનિક રહીશો દ્વારા આવાસોની યોગ્ય જાળવણી ન થતી હોવાની ફરિયાદો પણ વારંવાર કરવામાં આવી રહી છે. ત્યારે આવાસોની જાળવણી મામલે નિષ્ફળ ગુડાના તંત્ર દ્વારા હવે ભાડુઆતોને દુર કરવા માટે પણ કાર્યવાહી શરૂ કરી છે. ગુડા દ્વારા ગુડાની એલ આઈ જી આવાસ યોજના અન્વયે જે ભાડુઆતોનો તાગ મેળવવા અગાઉ સ્થળ તપાસ હાથ ધરવામાં આવી હતી જયારે આ દરમિયાન ગુડાના આવાસોમાં ભાડુઆતોનો કબજો હોવાનુ ધ્યાને આવતા ગુડા કક્ષાએથી સર્વેના અંતે મકાન માલિકોને નોટીસ આપવામાં આવી હતી જે મુજબ આવાસની ફાળવણી બાદ મકાન ભાડે આપવામાં આવ્યા હોય તો તેવા કિસ્સામાં ત્વરિત આવાસ ખાલી કરી દેવા માટે પણ ગુડા દ્વારા મકાન માલિકાને નોટીસ આપવામાં આવી છે. જેમાં જણાંવ્યા મુજબ આવાસ ખાલી નહીં કરવામાં આવે તો ભાડુઆતોને દુર કરી મકાન સીલ કરવા સુધીની કાર્યવાહી કરવામાં આવશે. ગુડા દ્વારા રાયસણ, ચિલોડા અને અડાલજ સહીતના વિસ્તારમાં અંદાજિત ૧૧૦૦ થી પણ વધુ એલ આઈ જી આવાસોનુ નિર્માણ કરવામાં આવ્યુ છે. જો કે ગુડા કક્ષાએથી આવાસ નિર્માણના અંતે પ્રારંભિક તબક્કાથી જ આવાસોની જાળવણી મામલે હાથ ઉંચા કરી દીધા હોવાનો રોષ પણ રહીશોમાં પ્રબળ બન્યો છે.
























Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com